# દાહોદમાં રૂ. 20 હજાર કરોડના ઈલેક્ટ્રીક લોકો મોટીવ કારખાનાનું રેલવે મિનીસ્ટર દ્વારા નિરીક્ષણ

**શહેરભરમાંથી** ભાજપના કાર્યકરો શહેરીજનો ભારે સંખ્યામાં ઉમટી પડ્યા

(પ્રતિનિધિ) દાહોદ, તા. 21 ભારત સરકારમાં એમઓએસ એટલે કે રેલવેના મિનિસ્ટ્રી ઓફ સ્ટેટના મંત્રી રવનીતસિંહ બિટ્ટુ રેલવે પ્રોડક્શન યુનિટ ની મુલાકાત આવ્યા હતા. જેમા 20,000 ના કરોડના ખર્ચે તૈયાર થયેલા ઈલેક્ટ્રીક લોકો મોટીવ એટલે કે રેલવે સ્ટોક એન્જિન કારખાનાનું ખૂબ જ ઝીણવટ ભર્યું નિરીક્ષણ કર્યું હતું. સ્માર્ટ સિટી દાહોદ ને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આપેલી ભેટને નિર્ધારિત સમયમાં કાર્યાન્વિત કરવાની પ્રક્રિયા હવે શરૂ થઈ ગઈ છે.

ત્યારે દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર સાથે કેન્દ્રીય રેલ રાજ્ય મંત્રી નવનીત સિંહ બીટ્ટુ સિમેન્સ ઈન્ડિયા કંપની દ્વારા PPP ધોરણે શરૂ થયેલું એન્જિન કારખાના અને તેના પ્રોડક્શન યુનિટ ની આજે મુલાકાત લીધી હતી ભારતના ઈતિહાસનું 9000 એચપીનું નિર્માણ પામનારું પ્રથમ ઈલેક્ટ્રીક એન્જિન કે જે ટેસ્ટિંગના રાહ જોઈ રહ્યું છે. તે એન્જિનને નિહાળ્યું હતું.તથા અન્ય લોકો માટે ઈલેક્ટ્રિક એન્જિનની સંપૂર્ણ માહિતી મેળવી હતી.આગામી ખૂબ જ ટૂંકા સમયમાં દાહોદ રેલ એન્જિન કારખાનામાં તૈયાર થયેલું ઈલેક્ટ્રીક એન્જિન પાટા ઉપર દોડતું થશે. તેઓ વિશ્વાસ વ્યક્ત કરી તમામ રેલ કર્મીઓનો અને આ કાર્યમાં જોડાયેલા સૌ કોઈનો રેલ રાજ્યમંત્રીએ આભાર માન્યો હતો. દાહોદ રેલવે સ્ટેશન પર જ્યારે રેલ રાજ્યમંત્રી નું આગમન થયું ત્યારે શહેરભરમાંથી ભાજપના કાર્યકરો શહેરીજનો ભારે સંખ્યામાં ઉમટી પડ્યા હતા.અને ભાવવિભોર થઈ રેલ રાજ્યમંત્રી નું સ્વાગત કર્યું હતું. દાહોદ રેલવે સ્ટેશન ઉપર દાહોદના દાઉદી વ્હોરા સમાજના બેન્ડ દ્વારા પણ સુંદર સુરાવલીઓ સાથે સ્વાગત કરાતા અને સાથે સાથે પત્રની આદિવાસી સંસ્કૃતિ ધરાવતા અદલ આદિવાસી ઢોલધાલીએ પણ જબરદસ્ત આકર્ષણ જમાવ્યું હતું. રેલ રાજ્ય મંત્રી નવનીતસિંહ પોતાની ગાડીમાંથી ઉતરીને શબ્દોની સુરાવલીઓ વગાડતા બેન્ડના સૌ સદસ્યોને મળ્યા હતા. તથા ફોટોસેશન પણ કર્યું હતું. સિમેન્સ કંપનીના એક્સપર્ટ દ્વારા તૈયાર કરાયેલી પીપીપી સહિતની માહિતી મેળવી હતી તમામ સેફટી સાધનોને ગ્રહણ કરી આખા પ્રોડક્શન યુનિટમાં માહિતી પ્રાપ્ત કરી હતી.

# સીમળીયા બુઝર્ગ ગામેથી 250 કિલો ગૌમાંસ જપ્ત, 3 ઝડપાયા 3 ફરાર

(પ્રતિનિધિ) ગરબાડા, તા. 21 ગરબાડા તાલુકામાં પોલીસે ગૌવંશ કતલના કેસમાં મોટી કાર્યવાહી કરી છે. તાલુકા પંચાયતની પેટાચૂંટણી દરમિયાન પોલીસને મળેલી બાતમીના આધારે સીમળીયા બુઝર્ગ ગામે દરોડો પાડવામાં આવ્યો હતો.

બાતમી મુજબ, માળ ફળિયામાં રહેતા બદીયાભાઈ મંગળાભાઈ પરમાર અને અન્ય લોકો તેમના ઘરના ઢાળિયાની બાજુમાં ગૌવંશની કતલ કરી રહ્યા હતા. તેવી બાતમી મળતાં જ પોલીસ હરકતમાં આવી અને સ્થળ પર જય તપાસ કરતા ગૌમાસ નો જથ્થો સહિત ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા જ્યારે બીજા બે ત્રણ આરોપીઓ ભાગવામાં સફળ થયા હતા.પોલીસે બે પંચો - હર્ષ ધર્મેન્દ્રભાઈ સોની, વિરલભાઈ મનુભાઈ ભરવાડની હાજરીમાં કાર્યવાહી કરી.પોલીસને જોઈને ભાગી ગયા હતા.

## બાકરોલ પ્રા. શાળામાં વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ) હાલોલ તા.21 આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ એ ભાષાકીય અને સાંસ્કૃતિક વૈવિધ્યની જાગૃતિ અને બહુભાષીયવાદને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે ૨૧ ફેબ્રુઆરીના રોજ વિશ્વભરમાં ઉજવવામાં આવે છે. વિદ્યાર્થીઓ મહત્વ સમજેએ ઉદ્દેશથી બાકરોલ પ્રાથમિક શાળામાં, માતૃભાષા કવીઝનું આયોજન કરાયું હતું.

## લીમખેડા MGVCL કચેરીના 21 હજાર ગ્રાહકોના રૂ. 2.95 કરોડ બાકી

(પ્રતિનિધિ) દાહોદ તા.21 50 ટીમો સોમવારથી વીજ કનેક્શન કાપવાની કાર્યવાહી કરશે, ગ્રાહકોને તાત્કાલિક બિલ ભરવા સૂચના અપાઈ હતી.

લીમખેડા અને સિંગવડ તાલુકામાં વીજ બિલ ન ભરનારા ગ્રાહકો સામે એમજીવીસીએલે કડક કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે. લીમખેડા MGVCL કચેરીના 21,394 વીજ ગ્રાહકોના કુલ રૂપિયા 2,95,81,107ની રકમ બાકી છે. આ બાકી વસૂલાત માટે ગોધરા ડિવિઝનની 50 ટીમો આગામી સોમવાર, તારીખ 24 ફેબ્રુઆરીથી કાર્યવાહી શરૂ કરશે.

વીજ કંપનીના નિયમ મુજબ, ગ્રાહકોને બિલ મળ્યાના 10 દિવસમાં ચુકવણી કરવાની હોય છે. જો કે, 45 દિવસ બાદ પણ બિલની રકમ ન ભરાય તો MGVCL દ્વારા વીજ કનેક્શન કાપવાની કાર્યવાહી કરવામાં આવે છે. હાલમાં દરરોજ 7થી વધુ ટીમો બાકી વસૂલાત માટે કાર્યરત છે.

લીમખેડા એમજીવીસીએલ કચેરીના નાયબ કાર્યપાલક ઈજનેર આર.એસ. ખંડેલવાલે જણાવ્યું કે, બાકીદાર ગ્રાહકોએ તાત્કાલિક બિલની રકમ ભરી દેવી જોઈએ. વીજ પુરવઠો સુચારુ રીતે ચાલુ રહે તે માટે સહકાર આપવા ગ્રામ વાસીઓને અપીલ કરી છે.

**વિકાસ કામોમાં સભ્યોને જાણ કર્યા વગર ઠરાવો કરતાં સરપંચ સામે રોષ**

# ગોધરાના પઢીયારના સરપંચ સામે અવિશ્વાસની દરખાસ્ત લાવવા માંગ

**ડેપ્યુટી** સરપંચ સહિત 14 સભ્ય સરપંચ સામે મેદાનમાં પડ્યા

(પ્રતિનિધિ) ગોધરા તા.21 ગોધરા તાલુકાના પઢીયાર ગ્રામ પંચાયત સરપંચ સામે ડેપ્યુટી સરપંચ સહિત 6 સભ્યએ બંડ પોકાર્યું છે. સરપંચ દ્વારા છેલ્લા કેટલાક સમયથી પંચાયતના કામો અને નાણા પંચના કામોમાં મનમાની કરી રહ્યા હોવાનો આક્ષેપ કર્યો છે. આ ઉપરાંત સભ્ય પર વિશ્વાસ ન હોય તે રીતે તેમનું વર્તન હોવાથી મામલો વધુ ગરમ બન્યો છે. આ અંગે તલાટીને રજુઆત કરી અવિશ્વાસની દરખાસ્ત લાવવા માગણી કરી હતી. ગોધરાના પઢીયાર ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ રાઉલજી પ્રદીપસિંહ અનોપસિંહ સહિત છ સભ્યએ રજૂઆતમાં જણાવ્યું હતું કે, પઢીયાર ગ્રામ પંચાયતમાં હાલ રાઉલજી હરેન્દ્રસિંહ રામસિંહ 3 વર્ષથી સરપંચ તરીકે સેવા આપી રહ્યાં છે. સરપંચ હરેન્દ્રસિંહ છેલ્લા કેટલાક સમયથી ઠરાવોમાં મનમાની કરી રહ્યા છે. પંચાયત બોડી (સભ્ય)ને વિશ્વાસમાં લેતા નથી અને તેમના લાગતા વળગતાં લોકોમાં કામો કરે છે.



સરપંચની અવિશ્વાસની દરખાસ્ત અંગે તલાટીને રજુઆત કરતા નજરે પડે છે

તેઓના કરેલા કામોમાં પણ ગુણવત્તા હોતી નથી. તેઓ પોતાના અંગત આર્થિક લાભ માટેના કામો કરતાં હોય તેવું જણાઈ રહ્યું છે. આથી, સત્વરે બેઠક બોલાવી અવિશ્વાસનો પ્રસ્તાવ સત્વરે મંજુર કરવા માટે ની માગણી છે. જયારે પણ ગ્રામસભા યોજાય છે. તેઓ હાજર રહેતા હોતા નથી. જેને લઈ ગ્રામજનોમાં નારાજગી જોવા મળી હતી.

અરજદાર તરફે વિ.વ.શ્રી...

### જાહેર નોટીસ

સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ લીમખેડાની કોર્ટમાં,
કેસ નં.14/2025
તા.08/01/2025

**અરજદાર:-** ભગોરા વાલસીંગભાઈ સીકાભાઈ
રહે. કાલીયાગોટા ,તા. સીંગવડ, જી .દાહોદ

વિરુધ્ધ

**સામાવાળા:-** તલાટી કમ મંત્રીશ્રી કાલીયાગોટા, તા. સીંગવડ, જી. દાહોદ

જન્મ મરણ અધિનિયમની કલમ: ૧૩(૩) મુજબની મરણની નોંધણી કરવા બાબત

આથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદાર ભગોરા વાલસીંગભાઈ સીકાભાઈના તેમના પુત્રી નામે ભગોરા સરસ્વતીબેન વાલસીંગભાઈનો જન્મ તા. 10/01/2017ના રોજ કાલીયાગોટા, તા. સીંગવડ, જી. દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રીનો જન્મ થયેલ ત્યારે જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી કાલીયાગોટા, તા. સીંગવડ, જી. દાહોદના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદર હું અરજદારને તેમના પુત્રીના દાખલાની જરૂરીયાત હોઈ અરજદારે જન્મ-મરણ અધિનિયમની કલમ:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦(ત્રીસ) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દવારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

આજ તારીખ: 20મી માહે ફેબ્રુઆરી સને. 2025ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો

સિક્કો, સહી, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, લીમખેડા

